મધ કલેક્શન અને પ્રોસેસિંગ સેન્ટર યોજનાના અમલીકરણ બાબત.

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: VKY-2020-70-P

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૦/૦૮/૨૦૨૦

વંચાણે લીધા :-

(૧) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડિ-સેગ)ગાંધીનગરનો તા.૨૦/૦૧/૨૦૨૦ નો પત્રક્રમાંક:VKY/૨૦૨૦/૨૬૯૫/DSAG/૧૭૫-૭૯.

(૨) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડિ-સેગ)ગાંધીનગરનો તા.૧૪/૦૨/૨૦૨૦ નો પત્ર ક્રમાંક:VKY/૨૦૨૦/૨૬૯૬/DSAG/૫૨૨.

પ્રસ્તાવના :-

આદિજાતિ લોકો માટે મધમાખી ઉછેર એ કૃષિ આધારિત વ્યવસાય છે જે ખેડૂતો તેમની વધારાની આવક મેળવવા કરી શકે છે, જેના માટે વર્ષ ૨૦૧૭-૧૮ થી આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ કાર્યરત ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ) દ્વારા **"મધમાખી ઉછેર" યોજના** અમલમાં છે. જેના દ્વારા ૨૨૯૬ લાભાર્થીઓ મધમાખી ઉછેર દ્વારા આવક મેળવી રહ્યા છે અને તેને એક અલાયદા વ્યવસાય તરીકે અપનાવી રહ્યા છે. **"મધ કલેક્શન અને પ્રોસેસિંગ સેન્ટર" યોજના** હેઠળ લાભાર્થીઓને મળતી આવકને "હની પ્રોસેસિંગ" દ્વારા કાચા મધનું મુલ્ય સંવર્ધન(વેલ્યુ એડીશન ) દ્વારા, મધના ઉત્પાદનથી વધુ સારી આવક મેળવી શકાય છે જેથી લાભાર્થીઓને તેમના ઉત્પાદનનો વધુ સારો ભાવ મળી શકે છે.

આદિજાતિ વિસ્તારમાં "મધ કલેક્શન અને પ્રોસેસિંગ સેન્ટર યોજનાના અમલીકરણ" દ્વારા મધમાખી ઉછેર કરતા અંદાજિત ૩૭૦૦ આદિજાતિના લાભાર્થીઓને લાભ આપવામાં આવશે જેથી કરીને તેમનો સામાજિક અને આર્થિક ઉત્કર્ષ થશે.

ઉક્ત યોજનાનું અમલીકરણ કરવા બાબતે મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડેવલેપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત દ્વારા ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૧)ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ. જે બાબતે રૂ.૧૦૦.૦૦/-લાખ (સો લાખ)ની નવી બાબતની વર્ષ ૨૦૨૦-૨૧ માં કરવામાં આવેલ જોગવાઇને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે આદિજાતિ વિસ્તારમાં મધ કલેક્શન અને પ્રોસેસિંગ સેન્ટર યોજના અંતર્ગત "હની પ્રોસેસિંગ" દ્વારા કાચા મધનું મૂલ્ય સંવર્ધન(વેલ્યુ એડીશન ) કરી, મધમાખી ઉછેર કરતા અંદાજિત ૩૭૦૦ આદિજાતિના લાભાર્થીઓને લાભ આપવા ચાલુ વર્ષમાં શરૂ કરવાની નવી બાબત માટે વર્ષ ૨૦૨૦-

૨૧ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ.૧૦૦.૦૦/-લાખ (અંકે રૂપિયા સો લાખ પૂરા)ની જોગવાઇને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતોઃ-**

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. આઇ.ટી.સંબધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. આ યોજના અન્વયે મંજૂર થયેલ મહેકમ વધુ સમય માટે ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજૂ કરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

૧૧. આ યોજનાઓ અંગેનું ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૦ થી કરવાનું રહેશે.

૧૨. બાંધકામની યોજના માટે વિભાગે માર્ગ અને મકાન વિભાગના જે તે જિલ્લાના એસ.ઓ.આર. મુજબ નકશા/ અંદાજો રજૂ કરીને સક્ષમ અધિકારી વહીવટી/ તાંત્રિક મંજૂરી મેળવી લેવાની રહેશે.

૧૩. આ મંજૂરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની થતી હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા-ધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

૧૪. કેંદ્ર પુરસ્કૃત યોજનાઓના કિસ્સામાં ભારત સરકાર દ્વારા ખરેખર છુટી થયેલ ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૧૫. યોજનાઓને ચાલુ રાખવા વહીવટી મંજુરી મળેલ છે તેથી ખર્ચની આપોઆપ મંજુરી મળે છે તેમ માનવું નહિં અને ચાલુ યોજનાઓનો સુચારૂ અમલ થાય તે માટે અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે.

૧૬. નાણા વિભાગના તા.૦૬/૦૬/૨૦૨૦ ના ઠરાવથી અપાયેલ કરકસરની સૂચનાઓ અનુસાર ખર્ચ થાય તે વિભાગે સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૨૦-૨૧નાં અંદાજપત્રમાં માંગણી ક્રમાંક : ૯૬ આયોજન, મુખ્ય સદર : ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨અનુસૂચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬- આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર: હની કલેક્શન અને પ્રોસેસિંગ કેન્દ્ર યોજના અનાવર્તક ખર્ચ હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ, આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૦/૦૭/૨૦૨૦ની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.આઈ.ઠક્કર)
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u> :-

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી(આ.વિ.) કમિશનરશ્રી આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, સેક્ટર ૧૦ એ ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડેવલેપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ
- સિલેકટ ફાઇલ.
- પત્ર મારફત.